શહેરમાં રથયાત્રાનો રૂટ ટૂંકાવાયો

ભગવાન જગન્નાથજીની રથયાત્રા હનુમાન મંદિર અને મોસાળમાં થઇને પરત થશે

સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી રથયાત્રાનો પ્રારંભ થશે : ૧૧ કલાકે નિજમંદિર પરત આવશે : રથયાત્રામાં ભગવાન જગન્નાથજીના રથ સાથે મદદમાં પાંચ વાહનો જોડાશે : પ્રસાદનુ વિતરણ કરવામાં આવશે નહીં : ભાવિકો રથને અડયા વિના દુરથી દર્શન કરી શકશે : દિવસ દરમિયાન મંદિર પરિસરમાં ભાવિકો રથના દર્શન કરી શકશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની ૩૭ મી રથયાત્રાનુ આયોજન આખરી કરી દેવાયુ છે. વહીવટી તંત્ર દ્વારા રથયાત્રાની મંજુરી આપવામાં નહીં આવે તો પણ ભાવિકોની લાગણીને ધ્યાનમાં રાખીને રથયાત્રા નિકળશે. જો કે કોવિડના લીધે રથયાત્રાનો રૂટ ૩૧ કી મીના બદલે માત્ર ૧૧ કી મીનો કરી દેવાયો છે. આ ઉપરાંત રથયાત્રા દરમિયાન સોશિયલ ડિસ્ટન્સીંગ સહીત કોવિડના નિયમોનુ યોગ્ય પાલન થાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે.

અષાઢી બીજના રોજ શહેરના માર્ગો પર જય રણછોડ .. માખણચોરના જયઘોષ સાથે ભગવાન જગન્નાથજીની ૩૭ મી રથયાત્રા નિકળશે. જો કે કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને ભગવાનની રથયાત્રાના દરવર્ષના રૂટ કરતા આ વર્ષે નોંધપાત્ર ફેરફાર કરાયો છે. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલભદ્રજીની રથયાત્રા અંગે પરવાનગી મળે કે નહીં પરંતુ રથયાત્રા સમિતિએ રથયાત્રાના આયોજન અંગે સંપુર્ણ તૈયારી કરી લીધી છે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, દિનેશ કાપડિયા તેમજ સે-૨૨ પંચદેવ યુવક મંડળના પ્રમુખ અતુલ નાયકના જણાંવ્યા મુજબ ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરાશે. ભગવાનની પુજા આરતી બાદ રથયાત્રા સે-૧૭ :૨૨ શોપિંગ થઇને સે-૧૭ હનુમાન મંદિર પહોંચશે. જયાંથી આગળ વધીને રથયાત્રા ઘ માર્ગ તરફ જશે.

● અનુસંધાન પાન-૭ પર

રથયાત્રાનો ટૂંકાવાયેલો રૂટ

સે-૨૨ પંચદેવ મંદિર થી સે-૧૭ :૨૨ થઇને સે-૧૭ હનુમાન મંદિર
હનુમાન મંદિરથી ઘ માર્ગ ઉપર
ઘ માર્ગ પર આગળ વધીને બાલોદ્યાન તરફ
સે-૨૯ માં જલારામ ધામ ભગવાનના મોસાળમાં
ચ માર્ગ પર આગળ વધી વૈજનાથ મહાદેવ
સે-૨૨ નિજમંદિર પરત આવશે

શહેરમાં ૫૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષો દુર કરાશે

વરસાદી દિવસો દરમિયાન આવા વૃક્ષો ભયજનક પુરવાર ન થાય તે માટે વનતંત્રએ સર્વેના અંતે વૃક્ષો દુર કરવા માટે કામગીરી હાથ ધરી

ગાંધીનગર તા ૫

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આગામી દિવસોમાં મેઘરાજાના આગમન સાથે વનતંત્ર દ્વારા બાકીનુ વાવેતર પણ કરી દેવાશે જયારે આ દરમિયાન ઉભા સુકા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવશે શહેરમાં અંદાજિત ૫૦ જેટલા જોખમી વૃક્ષોની કટોતી કરાશે સુકાયેલા આ વૃક્ષો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. વનતંત્રએ આ જોખમી સ્થિતિ નિવારવા માટે ટીમ કામે લગાડી છે.

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. આજે પણ શહેરની હરિયાળી મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બને છે. પરંતુ હરિયાળા વૃક્ષોની વચ્ચે ઉભા સુકા જોખમી વૃક્ષો પણ નગરજનો માટે મુશ્કેલનુ કારણ બન્યા છે. થોડા સમય અગાઉ ત્રાટકેલા તાઉ..તે વાવાઝોડા દરમિયાન સુકા વૃક્ષો ઘણાં ઠેકાણે જમીન દોસ્ત થયા હતા. જયારે વરસાદી દિવસોમાં પણ સુકા વૃક્ષો ગમે ત્યારે ધરાશાયી થતા રાહદારીઓ માટે ઘાતક પુરવાર થાય છે. અગાઉ જોખમી વૃક્ષ પડવાના લીધે યુવક મોતને ભેટયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જોખમી વૃક્ષોના લીધે અનેક નાગરિકો પણ ઈજાગ્રસ્ત થયા હોવાના કીસ્સા છે. ત્યારે વનતંત્રએ શહેરમાં સુકા વૃક્ષોની કટોતી કરવા માટે સમયાંતરે સર્વે પણ કરવામાં આવે છે. શહેરમાં સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ હાલ કામ શરૂ કર્યુ છે. અંદાજિત ૫૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષોની વનતંત્ર દ્વારા કટોતી કરવામાં આવશે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ તેમજ વૃક્ષો પણ માર્ગ વચાળે આડશ બને છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી વનતંત્ર દ્વારા ટીમ કામે લગાડવામાં આવી છે. એકબાજુ નવા રોપાઓની વાવણી માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે વરસાદ વિલંબમાં પડતા વાવણીનુ કામ પણ અટવાયુ છે. ત્યારે મેઘરાજાના આગમન સાથે બાકીનુ વાવેતર પણ પુર્ણ કરાશે. બીજીતરફ ભયજનક વૃક્ષોની પણ કટોતી કરવામાં આવશે.

શહેરમાં વરસાદી દિવસોની જમાવટ થઇ નથી પરંતુ શહેરના સેકટરોમાં વરસાદી સમસ્યાઓ અત્યારથી જ ડોકીયા કરી રહી છે. શહેરમાં ઘણાં ઠેકાણે માટી પોલાણ થવાના લીધે ગાબડા જોવા મળે છે સે-૭ માં માર્ગ વચાળે જ જોખમી ખાડો અસ્તિત્વમાં આવ્યો છે. સમયસર પુરાણ નહીં કરવામાં આવે તો ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ૩૨૪૮ અરજી તંત્રને મળી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવા માટે તંત્રને ૩૨૪૮ અરજીઓ ઓનલાઈન મળી છે.

કોરોનાને કારણે આ પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ કરવાની હતી. જિલ્લાની ૨૪૧ જેટલી શાળાઓમાં પ્રવેશ માટેની અરજીઓ તંત્રને મળી છે. મળતી વિગતો પ્રમાણે હાલ જે અરજીઓ મળી છે તેમાંથી ૩૪૩ જેટલી અરજીઓ રદ થવા પાત્ર જણાઈ છે જેમાં અરજદારો દ્વારા અપૂરતી વિગતો સાથે અરજીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશનો પ્રથમ રાઉન્ડ એકાદ-બે દિવસમાં જાહેર કરવામાં આવશે. ૨૯૦૪ જેટલા અરજદારોમાંથી પ્રથમ રાઉન્ડમાં કેટલાને પ્રવેશ ફાળવવામાં આવશે તે પરિણામ જાહેર થયા બાદ જ જાણી શકાશે.

શહેરમાં '૦' અને જિલ્લાના માણસામાં ૧ કોરોનાનો કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે જ્યારે શહેરમાં કોરોનાનો '૦' કેસ નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ દિવસ બાદ આજે એક કેસ નોંધાયો છે. જિલ્લાના માણસા તાલુકાના બિલોદરા ગામે મજૂરીકામ કરતા ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૬૪૨ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૨૧૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં નવ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આવાસમાં બિનઅધિકૃત કબજાના મામલે ૫૦ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાશે

છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા બિનઅધિકૃત કબજેદારોના મામલે સર્વે હાથ ધરી નોટીસ આપવામાં આવી રહી છે

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા વધુ હોવાનુ ધ્યાને આવ્યા બાદ તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી બિન અધિકૃત કબજેદારો અંગે સર્વે હાથ ધરાયો છે. આ દરમિયાન સેકટરોમાં વિવિધ આવાસોમાં બિનઅધિકૃત રીતે રહેતા કબજેદારોને તંત્ર દ્વારા નોટીસ આપી ત્વરિત મકાન ખાલી કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી હતી. જયારે નોટીસના અંતે પણ આવાસ ખાલી ન કર્યા હોય તેવા ૫૦ જેટલા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો બિન અધિકૃત કબજેદારોની ચુંગાલમાથી મુક્ત કરાવવા માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોમાં હાલ પણ નિવૃતિ , અવસાન તેમજ બદલીના કીસ્સા બાદ પણ બિનઅધિકૃત કબજેદારો રહેતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. અગાઉ સે-૭ માં પણ નવા સરકારી આવાસોમાં પેટાભાડુઆતો રહેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ જેને અનુલક્ષી સ્થળ તપાસ દરમિયાન તંત્રએ નોટીસ આપી તાત્કાલિક આવાસ ખાલી કરી દેવા માટે પણ સુચના આપી હતી. હાલ પણ સેકટરોમાં બિન અધિકૃત કબજેદારોન દુર કરવા માટે આવાસોમાં સ્થળ તપાસ કરવામાં આવી રહી છે. જયારે સેકટરોમાં આ મામલે સર્વે હાથ ધરાયા બાદ વિવિધ સેકટરોમાં બિન અધિકૃત કબજેદારોન નોટીસ આપી આવાસ ખાલી કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી છે. આમછતા આવાસો ખાલી ન કરાતા તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં વિવિધ કક્ષાના મકાનોમાં બિન અધિકૃત રીતે કબજો જમાવી બેઠેલા ૫૦ જેટલા કબજેદારો સામે તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા ગતિવિધિ હાથ ધરવામાં આવી છે.

શહેરના ધોળાકુવા ગામમાં છેલ્લા કેટલાક સમયથી ગટરના દુષિત પાણી ઉભરાય છે. ગટરનુ ગંદુ પાણી રહીશોના ઘરમાં બેક મારતા અસહ્ય દુર્ગંધ વચ્ચે ગુંગળામણ અનુભવતા ગ્રામજનો મુંઝવણમાં મુકાયા છે. એટલુ જ નહીં પરંતુ પીવાના પાણીની સાથે ગટર લાઇનનુ મિશ્રિત પાણી આવતુ હોવાનુ ગંભીર ફરિયાદ પણ ઉઠવા પામી છે. આ મામલે વોર્ડ નં -૨ ના નગર સેવક હસમુખ મકવાણાએ પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. આમછતા સમસ્યાનો ઉકેલ આવતો નથી.. આ તબકકે તાત્કાલિક અસરથી સમસ્યાનુ નિવારણ લાવવા માટે પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી છે. ગટરના દુષિત પાણીની સમસ્યાનુ નિરાકરણ ત્વરિત નહીં આવે તો આગ બબુલા બનેલા ગ્રામજનો ઉગ્ર રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

કલોલના ઝાડા-ઉલ્ટીના ૪૦ કેસ નોંધાયા : ત્રણના મોત

ઝાડા-ઉલ્ટી માટે ફૂડપોઈઝનીંગ કે દૂષિત પાણી જવાબદાર ?

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના રેલવે પૂર્વ વિસ્તારમાં ૪૦ થી વધુ લોકોને ઝાડા-ઉલ્ટી થતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે. ઝાડા-ઉલ્ટીના કેસોમાં ૩ વ્યક્તીના મોત થયા છે. મરણ પામનારાઓમાં બે બાળકો અને એક પુરૂષનો સમાવેશ થાય છે.

ઝાડા-ઉલ્ટીના બનાવો માટે ફૂડ પોઈઝનીંગ કે પાણી લિકેજીસ જવાબદાર છે તે અંગે તંત્ર કોઈ ચોક્કસ નિર્ણય પર પહોંચી શક્યુ નથી. આરોગ્યતંત્રએ સાતથી વધુ સ્થાનો પર લિકેજીસ શોધી અને નગરપાલિકાતંત્રને તાકીદે રિપેરીંગ કરવા જણાવ્યુ છે.

ગઈકાલે મોડી સાંજે ઝાડા-ઉલ્ટીના કેસો બનતા જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. ધર્મેશ પરીખ તાબડતોબ કલોલ પહોંચ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે પૂર્વ વિસ્તારની એક સોસાયટીમાં ભોજન સમારોહ બાદ ખોરાક ઝુંપડાના લોકોને પિરસવામાં આવ્યો હતો. તો બીજી તરફ દૂષિત પાણીને કારણે પણ ઝાડા-ઉલ્ટીના બનાવો બન્યાનું ધ્યાને આવ્યુ હતુ.

આરોગ્યતંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ માટે આજે ૧૬ જેટલી ટીમો ઉતારવામાં આવી હતી. આ ટીમો દ્વારા ક્લોરીનેશનની ટીકડીઓનું પણ વિતરણ કરવામાં આવ્યુ છે.

ઝાડા-ઉલ્ટીના કારણે ૩ વ્યક્તીના મોત થયા છે જેમાં બે નાના બાળકો અને એક પુરૂષનો સમાવેશ થાય છે.

આજે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી તેમજ નગરપાલિકાઓના રિજીયોનલ ડાયરેક્ટરે કલોલની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

મળતી વિગતો પ્રમાણે નગરપાલિકાના તંત્ર દ્વારા સુપર ક્લોરીનેશન કરવાના આદેશો અપાયા છે તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીનો સપ્લાય બંધ કરી ટેન્કર મારફતે પાણીનું વિતરણ કરવામાં આવ્યુ છે.

નગરપાલિકાના તંત્ર દ્વારા પાણીના પાંચથી વધુ નમૂના લઈ અને તેની ગુણવત્તા ચકાસણી માટે ગાંધીનગર મોકલી આપવામાં આવ્યા છે. મોડીસાંજે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં પાંચ જેટલા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે આજે મળેલા કેસ પૈકી ૨-૩ લોકોના નમૂના ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના ગેઝેટ હવે ડિઝીટલ - ઈ ગેઝેટ સ્વરૂપે વેબસાઈટ પર ઉપલબ્ધ થશે

મુખ્યમંત્રીએ egazette.gujarat.gov.inનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યુ

ગાંધીનગર, તા. ૫

પેપર લેસ ગર્વનન્સ ઈ-ગર્વનન્સની દિશામાં ગુજરાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં એક મહત્વપૂર્ણ કદમ ભર્યુ છે. હવે રાજ્ય સરકારના તમામ સાધારણ અને અસાધારણ ગેઝેટ ડિઝીટલ-ઈ ગેઝેટ સ્વરૂપે વેબસાઈટ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ માટેની વેબસાઈટ egazette.gujarat.gov.inનું ગાંધીનગરમાં મંત્રી જયેશભાઈ રાદડીયાની ઉપસ્થિતીમાં લોન્ચિંગ કર્યુ હતું. વર્ષોથી ચાલી આવેલી ગેઝેટના મુદ્રણ-પ્રિન્ટીંગની પરંપરાગત પ્રક્રિયાનો હવે આ ડિઝીટલ - ઓનલાઈન ગેઝેટ વેબસાઈટ પર ઉપલબ્ધ થવાથી અંત આવશે.

Required Secretarial Auditor
For conduct of Secretarial Audit - FY - 2020 - 2021 of
Gujarat Rail Infrastructure Development Corporation Limited (G-RIDE)
Contact : cfo@gride.org.in
Last Date to apply : 09.07.2021
Address : Block No.6, 7th Floor, Udyog Bhavan, Sec.-11, Gandhinagar-382011.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com